ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

અખબારી યાદી

વાર્ષિક નિરીક્ષણ અહેવાલ : શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સંચાલકશ્રી, આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ તથા વહીવટી કર્મચારીઓને જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ઓનલાઇન ભરવાનો સમયગાળો તા.૧૭/૧૧/૨૦૨૬ સુધીનો નક્કી કરવામાં આવેલ હતો. જે લંબાવીને તા.૦૩/૧૨/૨૦૨૬ સુધી કરવામાં આવે છે. શાળા દ્વારા બોર્ડની વેબસાઈટ www.gseb.org અથવા ir.gseb.org પરથી શાળાનાં ઇન્ડેક્ષ નંબર તથા પાસવર્ડનો ઉપયોગ કરી શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ભરી શકાશે.

વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ઓનલાઇન ભરવા અંગેની સૂચના બોર્ડની વેબસાઇટ પર મૂકવામાં આવેલ છે. નિયત સમયમર્યાદામાં તમામ શાળાઓને શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ફરજિયાત ઓનલાઇન ભરવા જણાવવામાં આવે છે.

(આર. આર. વ્યાસ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તારીખ : ૧૮/૧૧/૨૦૨૬
સ્થળ : ગાંધીનગર